ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૨૭/૧૯–૨૦/ 3106 તારીખ : 7 AUG 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
મે. મંગલમ પેપર પ્રા.લી.,
૩૦૫, અક્ષત ટાવર,
પકવાન ડાઈનીગ હોલ નજીક,
એસ.જી.હાઈવે, બોડકદેવ, અમદાવાદ–૩૮૦ ૦૫૪.
**મો.નં. ૯૯૦૯૯ ૮૩૩૦૫.**

કેસ નં.૨૭/૧૯–૨૦

**વિષય : ટેમ્પ. વીજ કનેકશનના વધારાના બીલ આવવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૭.૦૫.૨૦૧૯
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૭/૧૯–૨૦/૨૦૨૯ તા.૦૧/૦૬/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૭/૧૯–૨૦/૨૩૦૦ તા.૨૦/૦૬/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૩/૦૭/૨૦૧૯ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ધ્રાંગધ્રા.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **પાટડી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

P.G.V.C.L Bhavnagar. Consumer Grievance Redressal Forum

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૨૭/૧૯–૨૦**

વાદી :– મે. મંગલમ પેપર પ્રા.લી.

વિરુધ્ધ

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**રજુઆતની તારીખ:– ૦૩.૦૭.૨૦૧૯**

હાજર રહયા :– શ્રી જયેન્દ્રભાઈ છોટાલાલ પટેલ – (વાદીનાં અધિકૃત પ્રતિનીધી/ ડાયરેકટર)

પ્રતિવાદી :– (૧) શ્રી કે. એન. વાઘેલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી (લેબ.), ધ્રાંગધ્રા.
(૨) શ્રી એન. એચ. પંડયા, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, પાટડી.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

મે. મંગલમ પેપર પ્રા.લી., મુ.અમદાવાદની ટેમ્પ. વીજ કનેકશનના વધારાના બીલ આવવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૭/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૨૭/૧૯–૨૦/૨૦૨૯ તા.૦૧.૦૬.૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૩.૦૭.૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ, જેમાં વાદીનાં અધિકૃત પ્રતિનીધી અને ડાયરેકટર શ્રી જયેન્દ્રભાઈ છોટાલાલ પટેલ હાજર રહેલ છે તથા પ્રતિવાદી તરફે(૧) શ્રી કે. એન. વાઘેલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી (લેબ.), ધ્રાંગધ્રા તેમજ (૨) શ્રી એન. એચ. પંડયા, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, પાટડી ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

1.1 With reference to above subject and correspondence, we draw you kind attention that, PGVCL-Patadi, Executive Engineer has not clarified regarding point raised in our letter. And without doing any process they have given more additional bill for the same. We are not accepting this additional bill vide letter Dt.17.05.2019 no.PSD/Billing/2745. We have objection regarding procedure of issuing this additional bill from day one this additional bill issued with following reason.

1. We have raised objection by our letter dt.06.10.2018 remains pending without any proper clarification.

..૨..

2. As per our information gathered from advisor we found that PGVCL have no right to issue any additional bill from back date effect for temporary connection.
3. It is PGVCL PATADI, EXECUTIVE ENGINEER duty to check and issue right bill regarding power utilized for temporary connection every month. Customer is not responsible for any additional bill issued by PGVCL for temporary connection.

1.2 With all above point raised we request you to look into the matter and give us justice regarding the additional bill. And ISSUE NECESSARY ORDERS AS PER LAW to PGVCL PATADI EXECUTIVE ENGINEER for post pone to take any action against the additional bill issued to us till your final order issued.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ ગ્રાહકને પાટડી પેટા વિભાગીય કચેરી દવારા પત્ર નં.૮૨૭૩ તા.૨૮.૧૧.૧૮ થી જણાવેલ છે કે આપના દવારા મંગલમ પેપર મીલ પ્રા.લી. નામે ગ્રાહક નં.૨૫૦૭૨/૦૦૩૧૯/૧ થી તા.૧૬.૦૪.૨૦૧૬ થી હંગામી ધોરણે વીજજોડાણ લીધેલ હતું. સદર વીજજોડાણ તા.૨૫.૦૭.૨૦૧૮ ના રોજ અરજદારે એચ.ટી. વીજજોડાણ માંગતાં, હંગામી વીજજોડાણ ઉતારવામાં આવેલ. સદર હંગામી વીજજોડાણના મીટરની તપાસણી વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા ખાતે લેબોરેટરીમાં તા.૦૬.૦૯.૨૦૧૮ ના રોજ તપાસણી દરમ્યાન વીજમીટર ૫૦.૪૧૬ % ધીમું ફરતું હોવાનું માલુમ પડેલ, જેનું ૯૧૭૪૯ યુનિટનું રૂા.૭,૩૬,૪૫૮.૫૧ નું પુરવણી બીલ આપવામાં આવેલ, જે નિયમાનુસાર આપવામાં આવેલ છે.

પીજીવીસીએલના નિયમ મુજબ મીટર ખોલવા માટે ત્રણ તારીખો ગ્રાહકને આપવામાં આવે છે. જેમાંથી ગ્રાહક પોતાની અનુકુળ તારીખે હાજ રહેવાનું હોય છે. અગાઉ રોજકામમાં અરજદારને લેબની તારીખ જણાવી દીધેલ અને ત્યારપછી મીટર અરજદાર હાજર ન રહેવા એકસ પાર્ટીમાં ખોલેલ છે, જે સક્ષમ અધિકારીની રૂબરૂમાં જ તપાસણી થયેલ છે.

અરજદારે તા.૦૬.૧૦.૨૦૧૮ ના રોજ નાયબ ઈજનેરશ્રી, પાટડીને પત્ર લખેલ જેના મુદ્દા નં.૫ નો ઈસ્યુ આ મેટરને સબંધિત નથી, પરંતુ નિયમોનુસાર જ મીટરની લેબમાં તપાસણી થયેલ છે.

૨.૨ સદર વીજજોડાણનું મીટર તા.૨૫.૦૭.૨૦૧૮ ના રોજ અરજદારની હાજરીમાં ઉતારવામાં આવેલ હતું અને રોજકામ કરવામાં આવેલ અને તેમાં નીચે પ્રમાણેની ત્રણ તારીખમાં હાજર રહેવા જણાવેલ, જેમાં અરજદારને સહી પણ કરેલ છે. અરજદારને તા.૦૨.૦૮.૨૦૧૮, તા.૦૯.૦૮.૨૦૧૮ અને તા.૧૬.૦૮.૨૦૧૮ ના રોજ લેબમાં હાજર રહેવા માટે મૌખિક જાણ પણ કરવામાં આવેલ હતી. પરંતુ રોજકામમાં હાજર રહેવા માટે લખાયેલ તારીખમાં શરતચુકથી વર્ષ ૨૦૧૮ ના બદલે ૨૦૧૭ લખાયેલ. પરંતુ ત્યારે વર્ષ–૨૦૧૮ રનીગ હોય તો તે જ વર્ષ ગણવાનું હોય જે સ્વાભાવીક છે. આમ આ પુરવણી બીલની રકમ ભરપાઈ કરવાપાત્ર છે.



Grievance Redressal Forum P.G.V.C.L Bhavnagar.

૨.૩ નાયબ ઈજનેરશ્રી, પાટડી પેટા વિભાગીય કચેરી દવારા દર માસે અરજદારને ટેમ્પરરી કનેકશનનું વીજબીલ ઈસ્યુ કરવામાં આવેલ છે, જે સમયસર ભરવાપાત્ર છે. આ બીલ વધારાનું નથી. પણ મીટર તપાસણી દરમ્યાનમાં સ્લોનેસ પ્રમાણેનું અપાયેલ છે. જે તે સમયે વીજજોડાણની માંગણી કરતી વખતે એ–૧ ફોર્મ ભરેલ હોય છે, જેમાં દર્શાવેલ તમામ કોલમો માન્ય છે તેવી બાંહેધરી ગ્રાહક દવારા આપવામાં આવે છે. નવા વીજજોડાણ માટેના બાંહેધરી ખતના કોલમ નં.૪ મુજબ અરજદારે સદર રકમ ભરપાઈ કરવાની થાય છે. આ પુરવણી બીલની રકમ ભરપાઈ કરવાપાત્ર છે.

૨.૪ વિશેષમાં આપ સાહેબશ્રીને જણાવવાનું કે, તા.૦૬.૦૯.૨૦૧૮ ના લેબ. રીપોર્ટની નકલ, MRI રીપોર્ટની નકલ, ઓડીટ રીપોર્ટની નકલ, પેટા વિભાગીય કચેરીના પત્રની નકલ આ સાથે સામેલ રાખેલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર મે.મંગલમ પેપર પ્રા.લી. ના નામનું હંગામી થ્રી ફેઈઝ વીજજોડાણ ગ્રા.નં.૨૫૦૭૨/૦૦૩૧૯/૧ થી ૩૭.૫ KW નું મુ.ગામ–કચોલીયા, તા.પાટડીમાં ધરાવતાં હતાં.

૩.૨ વાદીને ૬ માસ માટે તા.૧૬.૦૪.૧૬ ના રોજ પ્રતિવાદી દવારા હંગામી વીજજોડાણ બાંધકામના હેતુ માટે આપેલ. વાદીનાં હંગામી વીજજોડાણનું મીટર તા.૨૫.૦૭.૧૮ ના રોજ સ્થળ પરથી રીમુવ કરી અને વીજજોડાણને કાયમી ધોરણે રદ કરેલ.

૩.૩ વાદીનાં હંગામી વીજજોડાણનું મીટર રીમુવ કરતાં સમયે કરેલ રોજકામ નં.૩૦૫૪૧ તા.૨૫.૦૭.૧૮ ના રોજ વાદીને મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં સંયુકત ચકાસણી માટે પ્રતિવાદીએ તા.૦૨.૦૮.૧૭, તા.૦૯.૦૮.૧૭ અને તા.૧૬.૦૮.૧૭ ના રોજ હાજર રહેવા માટે જણાવેલ અને વાદીનાં પ્રતિનીધી ની સહી લીધેલ.

૩.૪ વાદી ઉપર જણાવેલ ત્રણ તારીખે હાજર ન રહેવાથી તા.૦૬.૦૯.૧૮ ના રોજ પ્રતિવાદીએ એકતરફી મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં મીટરનું પરીક્ષણ તેમજ ટેસ્ટીંગ કરી અને તા.૦૮.૦૯.૧૮ ના રોજ MRI ડાઉનલોડ કરી MRI રીપોર્ટ તૈયાર કરેલ.

૩.૫ પ્રતિવાદી દવારા ફોરમને જણાવેલ કે મીટર બદલતાં સમયે કરેલ રોજકામ નં.૩૦૫૪૧ તા.૨૫.૦૭.૧૮ માં જણાવેલ તારીખોમાં ભુલથી તા.૦૨.૦૮.૧૭, તા.૦૯.૦૮.૧૭ અને તા.૧૬.૦૮.૧૭ દર્શાવેલ છે, જે ખરેખર તા.૦૨.૦૮.૧૮, તા.૦૯.૦૮.૧૮ અને તા.૧૬.૦૮.૧૮ હતી.

૩.૬ મીટર ટેસ્ટીંગ લેબોરેટરીનાં ઈન્સ્પેકશન રીપોર્ટ નં.ડીએચજી/લેબ/એ–૨૭૭૪ તા.૦૬.૦૯.૧૮ માં કરેલ નોંધ મુજબ મીટરનો એકયુરસી ટેસ્ટ લેતાં મીટર ૫૦.૪૧૬ % સ્લો માલુમ પડેલ તેમજ મીટરનું વાયરીંગ તપાસતાં R–ફેઝ PT મળતી ન હતી.

Consumer Grievance Redressal Forum ✱ P.G.V.C.L Bhavnagar.

૩.૭ તા.૦૮.૦૯.૧૮ ના રોજ પ્રતિવાદીએ મીટરનો MRI ડાઉનલોડ કરેલ. MRI નાં રીપોર્ટ મુજબ તા.૧૬.૦૪.૧૬ ના પેરામીટરમાં

| | | |
|---|---|---|
| Voltage L 1 | - | 0.00 V |
| Voltage L 2 | - | 213.60 V |
| Voltage L 3 | - | 213.60 V |

તેમજ

| | | |
|---|---|---|
| Line Current L 1 | - | 48.00 A |
| Line Current L 2 | - | 50.00 A |
| Line Current L 3 | - | 52.00 A |

બતાવે છે તેમજ Occurrence નો restoration date 07.09.18 બતાવે છે તેમજ cumulative duration 02-143-19.52 બતાવે છે. એટલે કે બે વર્ષ ૧૪૩ દિવસનો ડયુરેશન બતાવે છે.

આમ, મીટરનાં MRI રીપોર્ટ મુજબ મીટરની R ફેઝ PT તા.૧૬.૦૪.૧૬ થી તા.૨૫.૦૭.૧૮ મીટર રીમુવ કર્યા ત્યાં સુધી અને મીટરને લેબોરેટરીમાં નિરીક્ષણ કર્યાની તારીખ ૦૭.૦૯.૧૮ સુધી R ફેઝ PT ન મળવાથી મીટર ૫૦.૪૧૬ % ધીમું ફરતું હતું.

૩.૮ વાદીનાં હંગામી વીજજોડાણનાં મીટરમાં ૫૦.૪૧૬ % ધીમાપણું માલુમ પડેલ હોય પ્રતિવાદીએ વાદીને મીટરનાં સ્લોનેસ માટેની રૂા.૭,૩૬,૪૫૮.૫.૫૧ પૈસાનું પુરવણી બીલ આપેલ.

૩.૯ પ્રતિવાદીએ મે–૨૦૧૬ થી ઓગસ્ટ–૨૦૧૮ નાં સમયગાળા દરમ્યાનનું વાદીની માસીક વીજ વપરાશ પરથી ૪૯.૫૮૪ % પ્રમાણે માસીક વપરાશની અને તેને ભરવી પડતી રકમનું સ્ટેટમેન્ટ ફોરમને રજુ કરેલ છે. જે મુજબ વાદીએ ભરવી પડતી રકમ રૂા.૭,૩૬,૪૫૮.૫૧ થાય છે.

૪.૦ વાદીએ ફોરમને સુનવણી દરમ્યાન રજુઆત કરેલ છે કે તા.૨૫.૦૭.૧૮ ના રોજકામમાં મીટર લેબમાં હાજર રહેવાની તારીખ ૨૦૧૭ ની દર્શાવેલ છે તો વાદી પાસ્ટ ડેટમાં હાજર કેવી રીતે રહી શકે, ફોરમને જણાય છે કે ૨૦૧૮ ની સાલને બદલે ૨૦૧૭ સાલ બતાવેલ છે. જે લોજીકલી સમજી શકાય કે ૨૦૧૮ ના વર્ષમાં હાજર રહેવાનું છે તેમજ મીટર બદલતાં સમયનાં રોજકામ તા.૨૫.૦૭.૧૮ નાં રીપોર્ટમાં વાદીનાં પ્રતિનીધી એ પણ સહી કરેલ છે.

૪.૧ મીટરનાં લેબ. ટેસ્ટીગમાં લેવાયેલ એકયુરસી ટેસ્ટને તેમાં જણાયેલ ૫૦.૪૧૬ % સ્લોનેસ તેમજ MRI રીપોર્ટનાં ઈવેન્ટસ રીપોર્ટ મુજબ વાદીને આપવામાં આવેલ પુરવણી બીલ રૂા.૭,૩૬,૪૫૮.૫૧ જે વાદીએ ભરવાપાત્ર છે. પ્રતિવાદી આ રકમ વસુલવા માટે હકકદાર છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L Bhavnagar.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૪.૧ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર
(પી. એન. આજકીયા)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એમ. આર.વજરીયા)
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– ૩૦.૦૭.૨૦૧૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L Bhavnagar.